# ચડિયાતું કોણ ? ગુરુ કે ગૂગલ ?

આજના ટેકનોલોજીકલ જમાનામાં કોઇપણ વ્યક્તિને કોઈપણ પ્રકારની માહિતીની જરૂર ઊભી થાય તો તરત જ તે ગૂગલ પાસે પજોંચી જાય છે. દુનિયાનું કોઈપણ ક્ષેત્ર એવું નહિ હોય કે જેના વિષે ગૂગલ પાસે માહિતી ના હોય. શિક્ષણ, આરોગ્ય, અવકાશ, ખેતીવાડી કે અન્ય ગમેતે ક્ષેત્ર લો, તમને જોઈતી માહિતી ગૂગલ આપી દે છે. આ લેખકે ૨000ની સાલમાં લખ્યું હતું કે, હવે પછી અભણની વ્યખ્યા બદલાઈ જશે. હવે અભણ વ્યક્તિ એને કહેવાશે કે જે ઈન્ટરનેટનો ઉપયોગ જાણતી નથી તે અભણ. હકીકતમાં એ સત્ય સાબિત પણ થઇ ગયું છે. આજે અક્ષરજ્ઞાન વગરની વ્યક્તિ પણ મોબાઈલનો ઉપયોગ કરીને ઈન્ટરનેટ વાપરતી થઇ ગઈ છે. આજે કોઈ વ્યક્તિ ગૂગલનો ઉપયોગ ના કરતી હોય તો બીજી વ્યક્તિ સલાહ પણ આપશે કે , ગૂગલનો ઉપયોગ કરો ને. અથવા તો પૂછે છે કે, તમે ગૂગલનો ઉપયોગ નથી કરતા ? આજે ગૂગલનું મહત્વ વધી ગયું છે.  ત્યારે સ્વાભાવિકપણે પ્રશ્ન થાય કે, ચડિયાતું કોણ ? ગુરુ કે ગૂગલ ? તેના અનુસંધાનમાં મોટાભાગના વ્યક્તિઓનો જવાબ હશે કે, ગુરુ જ ચડિયાતા હતા, છે અને રહેશે. ગુરુનું સ્થાન ગૂગલ ક્યારેય નહિ લઇ શકે. ગૂગલ કરતાં ગુરુ ચડિયાતા હોવા પાછળની કેટલીક દલીલો જોઈએ.

પ્રથમ તો ગૂગલ સુધી પહોંચવાનો રસ્તો જ ગુરુ બતાવે છે. ગુરુ હતા કે છે તો ગૂગલ આજે છે. ગૂગલની શોધ કરનાર કે તેને ચલાવનાર ગુરુ જ છે. આ રીતે જોતાં ગુરુ જ ગૂગલ કરતા ચડિયાતા છે. આપની ભારતીય સંસ્કૃતિમાં જણાવેલ છે, કે ગુરુ બ્રહ્મા, ગુરુ વિષ્ણુ ,,,,,,,,વગેરે. ક્યાંય એવું સંભાળવા મળ્યું કે, ગૂગલ બ્રહ્મા , ગૂગલ વિષ્ણુ ..... વગેરે. હા.. ગુરુ વિષે જયારે ઉપરોક્ત કહેવાયું ત્યારે ગૂગલ નહોતું. આજે ગૂગલ છે તો પણ એ જ કહેવાય છે કે, ગુરુ બ્રહ્મા , ગુરુ વિષ્ણુ ......એક બીજું વાક્ય પણ છે કે, ગુરુ બીના જ્ઞાન નહિ. આ સંપૂર્ણ સાચું જ છે. જ્ઞાન આપે તે ગુરુ છે. જ્ઞાન સુધી ગુરુ જ પહોંચાડે છે. ગૂગલ જે આપે છે તે તો માત્ર માહિતી છે,. ગૂગલ માહિતી આપી શકે, જ્ઞાન ના આપી શકે. માહિતી અને જ્ઞાન વચ્ચે ખૂબ જ મોટું અંતર છે. માહિતી કરતા જ્ઞાન ખૂબ જ ઉચ્ચકક્ષાએ છે. માટે જ ગૂગલ કરતા ગુરુ ચડિયાતા છે. એલેકઝાંડરે કહેલું કે, માતા-પિતા તો જન્મ આપે છે, પણ જીવનનો સાચો રસ્તો ગુરુ જ બતાવે છે. ગુરુ તમને કહેશે કે, આ યોગ્ય છે અથવા તો નથી. સમય આવે તમારા કાન પકડીને તમારી પાસે કબૂલ પણ કરાવશે અને સાચા રસ્તે જ જવાનો આગ્રહ રાખશે, જયારે ગૂગલ તો તમને અનેક રસ્તા બતાવશે. નક્કી તમારે કરવાનું છે કે તમે ક્યાં રસ્તે જશો, ભલેને પછી તમે ખાડામાં જ કેમ ના પડો. જયારે ગુરુ તો ખાડામાં પડવા જ ના દે. તમે અયોગ્ય રસ્તે જતા હશો તો તમને રોકશે, તમે માનશો નહિ તો દબાણપૂર્વક તમને અયોગ્ય કરવા નહિ જ દે. ગૂગલને તમે રસ્તો પૂછ્છો તો તમને એક કરતા વધુ રસ્તા બતાવશે. જયારે ગુરુ વધુ રસ્તા બતાવશે, પણ સાથે ક્યાં રસ્તે જવું જોઈએ અને ક્યાં રસ્તે ના જવું જોઈએ તે પણ કહેશે. માત્ર કહેશે એટલું જ નહિ પણ શા માટે જેતે રસ્તે ના જવું જોઈએ

અને શા માટે અમુક ચોક્કસ રસ્તો જ પકડવો જોઈએ તેના કારણો પણ આપશે. માટે જ ગુરુ ચડિયાતા કહેવાય. ગૂગલ પ્રશ્નનો જવાબ આપે છે, પણ શા માટે તે નથી જણાવતું.

કોઈ એવી દલીલ પણ કરી શકે કે, આજના ગુરુ પણ ગૂગલનો સહ્રો લે જ છે ને ? તો અહી કહેવાનું મન થાય કે, ગૂગલ એ સાધન છે, સાધ્ય નથી. આજના ગુરુઓ ગૂગલનો ઉપયોગ કરે તેમાં કશું જ ખોટું નથી. વર્ગખંડમાં શિક્ષણ આપવા માટે જેમ નકશાનો ઉપયોગ થાય છે, ચાર્ટ-ચિત્રોનો ઉપયોગ થાય છે, તે બધાં સાધનો છે, તેમ ગૂગલને પણ એક સાધન જ કહી શકાય. ચાર્ટ-ચિત્રો-નકશા વગેરેનો ઉપયોગ કરવાથી શિક્ષક નાનો બની જતો નથી, તેમ ગૂગલનો ઉપયોગ કરનાર શિક્ષક પણ ગૂગલ કરતા નાનો થઇ જતો નથી.

ગૂગલ વ્યક્તિને માહિતી આપે છે. આ સમયે ગૂગલ અને વ્યક્તિ વચ્ચે માત્ર જ્ઞાનાત્મક સંબંધ હોય છે, જયારે શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે જ્ઞાનાત્મક ઉપરાંત સંવેગાત્મક સંબંધ પણ હોય છે. ગુરુમાં લાગણી હોય છે, જયારે ગૂગલમાં લાગણી જેવું હોતું નથી. વિદ્યાર્થીની કોઈ મર્યાદા શિક્ષકને રાત્રે ક્યારેક ઊંઘવા પણ નથી દેતી. આ રીતે વિદ્યાર્થી અને શિક્ષકનો સંબંધ વિશિષ્ટ પ્રકારનો છે. જે સંબંધ ગૂગલ ના બાંધી શકે. આ તફાવત જ ગુરુને ગૂગલ કરતા અનેકગણા ચડિયાતા બતાવે છે. ધારો કે, એક વર્ગમાં પચાસ વિદ્યાર્થી બેઠાં છે. તેમની સામે કોઈ સમસ્યા કે પ્રશ્ન ઊભો થયા છે. તેઓ આ સમસ્યા નિવારવા કે પ્રશ્નનો ઉકેલ મેળવવા માટે ગૂગલને પૂછે તો ગૂગલ બધાંજ વિદ્યાર્થીને એક સમાન જવાબ આપશે. જયારે શિક્ષકને પૂછવામાં આવશે તો શિક્ષક લાગણી અને પ્રોત્સાહનનો સહારો લઈને વિદ્યાર્થીની શક્તિ, વાતાવરણ, મર્યાદા વગેરેને ધ્યાનમાં રાખી જુદા જુદા વિદ્યાર્થીને જુદો જુદો જવાબ આપી શકે. વર્ગમાં આવતાં વિદ્યાર્થી જુદા જુદા વાતાવરણમાંથી આવે છે, કોઈ હોશિયાર તો કોઈ નબળો હોય છે. જેથી શિક્ષક બધાને એક જ લાકડીએ નહિ હાંકે, જયારે ગૂગલ તો બધાને એક જ લાકડીએ હાંકશે. વિદ્યાર્થી બદલાય એટલે શિક્ષકની સમજાવવાની રીતે, રજૂઆતની રીતે વગેરે બદલાઈ જાય છે. જયારે ગૂગલ આવો કોઈ બદલાવ કરી શકતું નથી. આ બાબત ગૂગલ અને ગુરુના સ્થાનને અલગ પાડવામાં ખૂબ જ મહત્વની બની રહે છે.

સમાજમાન્ય ન હોય તેવી કોઈ માહિતી કોઈ વ્યક્તિને જોઈતી હશે તો ગૂગલ તરત જ તે આપી દેશે. જયારે વિદ્યાર્થી આવી માહિતી મેળવવા માટે શિક્ષકને પૂછવાની હિંમત  પણ કરી શકતો નથી. અને ધારો કે વિદ્યાર્થી હિમત કરીને પૂછે તો શિક્ષક તેવી માહિતી આપશે નહી, અને સમજાવશે કે તે અયોગ્ય રસ્તે જઈ રહ્યો છે, તેને સાચા રસ્તે વાળવાના તમામ પ્રયત્નો કરશે. આજની અણસમજુ વ્યક્તિને આડા પાટે ચડાવવામાં ગૂગલની ભૂમિકા ખૂબ જ મોટી રહી છે. આવા આડા પતે ચાદેલાને સાચા રસ્તે લાવવાનું કામ ગુરુ જ કરી શકે છે. ઘણીવાર એવું પણ બને છે કે, જ્યાં માં-બાપ નિષ્ફળ જાય છે ત્યારે તેઓ પણ પોતાના બાળકના ગુરુ પાસે જ આવે છે. દવા નહિ પીતું બાળક માં-બાપનું નથી માનતું, પણ ગુરુ કે શિક્ષક જો બાળકને દવા પીવાનું કહેશે તો બાળક તરત જ દવા પી લેશે. ગૂગલ આ નહિ કરે. માટે જ ગુરુ એ ગૂગલ કરતા શ્રેષ્ઠ છે, ચડિયાતા છે, જે નિર્વિવાદ બાબત છે.